## બાવલ કેન્સર સ્ક્રીનિંગ એટલે શું?

NHS બાવલ કેન્સર સ્ક્રીનિંગનો હેતુ કેન્સર શરૂ થતા પહેલાં અટકાવવાનો અથવા તે શરૂઆતના તબક્કામાં પકડી પાડવાનો છે, જ્યારે તેનો ઈલાજ કરવાનું સહેલું હોય છે.

NHS મફત ફીકલ ઈમ્યુનોકેમિકલ ટેસ્ટ (FIT) મોકલે છે જેથી તમે મળનો એક નાનો નમૂનો લઈ શકો છો. આમાં નજીવા પ્રમાણમાં લોહી રહેલું છે કે નહિ તેની લૅબોરેટરીમાં તપાસ કરવામાં આવે છે.

લોહી હોવું તે પૉલિપ અથવા બાવલ કેન્સર હોવાની નિશાની હોઈ શકે છે. પૉલિપ્સ આંતરડામાં વધતી ગાંઠો છે, જે સમય જતાં કેન્સરમાં ફેરવાઈ શકે છે. જો આ ટેસ્ટમાં કશું અસાધારણ મળી આવશે, તો તમારે બીજા વધારે ટેસ્ટ કરાવવા પડી શકે.

તમને કોઈ પણ ઉંમરે બાવલ કેન્સરનાં ચિહ્નો હોય તો હંમેશાં તમારા જીપીને મળો, તમે હાલમા સ્ક્રીનિંગ ટેસ્ટ કરેલો હોય તો પણ.

## બાવલ કેન્સર સ્ક્રીનિંગ શા માટે કરાવવામાં આવી રહેલ છે?

બાવલ કેન્સર સૌથી સામાન્ય કેન્સરોમાંનું એક છે અને તેની નિયમિત તપાસ કરાવવાથી તે અટકાવવામાં અથવા શરૂઆતના તબક્કે પકડી પાડવામાં મદદ મળી શકે છે જ્યારે તેનો ઈલાજ કરવાનું સહેલું છે.

## બાવલ કેન્સર સ્ક્રીનિંગ કોના માટે છે?

તે 56 – 74 વર્ષની કોઈ પણ વ્યક્તિ માટે છે. જ્યારે તમારો વારો આવશે ત્યારે તમને દર 2 વર્ષે સ્ક્રીનિંગ કિટ મોકલવામાં આવશે. તમને જ્યારે પણ તે મોકલવામાં આવે તે દરેક વખતે તમારે તે તપાસ પૂરી કરવી જોઈએ.

## ઘરે કરવાનો સ્ક્રીનિંગ ટેસ્ટ મારે કેવી રીતે મેળવવો?

ઈંગ્લેન્ડમાં લાયક બનતી કોઈ પણ વ્યક્તિ, જેઓ જીપી પાસે નોંધાયેલાં હશે, તેમને આપમેળે જ આ ટેસ્ટ કિટ તેમના ઘરના સરનામે મોકલી આપવામાં આવશે.

## મને મારું પરિણામ ક્યારે મળશે?

તમારું પરિણામ તમને 2 અઠવાડિયાંની અંદર પોસ્ટ કરી દેવામાં આવશે. જો બીજા કોઈ વધારે ટેસ્ટ કરવા પડશે તો તમને કહેવામાં આવશે. વધારાના ટેસ્ટ કરવાનો અર્થ એવો જરૂરી નથી કે તમને બાવલ કેન્સર છે.

# તમારા બાવલ કેન્સર સ્ક્રીનિંગ ટેસ્ટની અવગણના કરશો નહિ.

NHS

**મફત હેલ્પલાઈન:**
**0800 707 6060**

Screening saves lives
Help us help you

## બાવલ કેન્સર સ્ક્રીનિંગ કિટ કેવી રીતે વાપરવી?

1. નમૂનાની બોટલ ઉપર તારીખ લખો
2. તમારો મળ લેવા માટે ડબ્બી અથવા તો ટોઈલેટ પેપરના થોડાક પડ વાળીને વાપરો
3. તમારો મળ ટોઈલેટના પાણીને અડવા દેશો નહિ
4. નમૂનાની બોટલનું ઢાંકણું ફેરવીને ખોલો
5. લાકડી વડે ઘસીને બધો મળ એવી રીતે લઈ લો જેથી બધો ભાગ તેનાથી ભરાઈ જાય
6. તપાસ કરવા માટે અમારે માત્ર થોડો જ મળ જોઈએ છે. કૃપા કરીને વધારે ભરશો નહિ



7. લાકડી પાછી બોટલમાં મૂકીને ઢાંકણું બંધ કરી દો
8. વાપર્યા પછી બોટલ ફરીથી ખોલશો નહિ
9. વાપર્યા પછી કૃપા કરીને તમારા હાથ ધોઈ લો
10. નમૂનાની બોટલ આપવામાં આવેલા પરત મોકલવાના મફત પરબીડીયામાં મૂકી દો
11. પટ્ટી ઉખાડીને તે પરબીડીયું સીલબંધ કરીને પોસ્ટ કરી દો
12. તમે બે અઠવાડિયાંની અંદર તમારા ટેસ્ટનું પરિણામ મેળવવાની અપેક્ષા રાખી શકો છો



# તમારા બાવલ કેન્સર સ્ક્રીનિંગ ટેસ્ટની અવગણના કરશો નહિ.

જો તમને તે મળી હોય, તો કૃપા કરીને તે ભરીને બને તેટલી જલદી પાછી મોકલી આપો.